# ICSE 2023 EXAMINATION
# SPECIMEN QUESTION PAPER
# GUJARATI
# (SECOND LANGUAGE)

---

*Maximum Marks: 80*

*Time allowed: Three hours*

*Answers to this Paper must be written on the paper provided separately.*

*You will not be allowed to write during the first 15 minutes.*

*This time is to be spent in reading the question paper.*

*The time given at the head of this Paper is the time allowed for writing the answers.*

---

***Section A** is compulsory – **All** questions in **Section A** must be answered.*

*Attempt **any four** questions from **Sections B,** answering at least **one** question each from the **two** books you have studied and **any two** other questions from the same books you have studied.*

*The intended marks for questions or parts of questions are given in brackets [ ].*

---

## SECTION A

*(Attempt **all** questions from this **Section**.)*

**Question 1**

Write a short composition in **Gujarati** of approximately **250** words on any **one** of the following topics: [15]

નીચેના વિષયોમાંથી કોઈ પણ એક વિષય પર લગભગ ૨૫૦ શબ્દો માં ગુજરાતીમાં નિબંધ લખો :-

(i) 'પર્યાવરણ છે તો માનવ છે'- આ વિષયને આધાર બનાવી પર્યાવરણ સુરક્ષાને માટે તમે કયા કયા પ્રયાસ કરો છો ? વિસ્તારથી લખો.

(ii) 'વસુધૈવ કુટુંબકમ્' - ભારત દેશનો આદર્શ છે. આ વાકયની તરફેણ અને વિરૂધ્ધ મંતવ્ય આપી નિબંધ લખો.

(iii) જો હું શિક્ષક હોઉં તો...

(iv) કલ્પના કરો કે તમારે કોઈ પ્રસિધ્ધ વ્યકિતની મુલાકાત (Interview) લેવાની છે. તમારે મતે એ પ્રસિધ્ધ વ્યકિત કોણ છે ? તમે તેને કયા કયા પ્રશ્નો પૂછશો અને શા માટે ? તમારા વિચારો જણાવો.

(v) સાથે આપેલું ચિત્ર જોઈ તમારા મનમાં ઊઠતા ભાવોને વાચા આપતો નિબંધ, લેખ કે વાર્તા લખો:-



## Question 2

Write a letter in **Gujarati** in approximately **120** words on **any one** of the topics given below: [7]

નીચેના માંથી કોઈ પણ એક વિષય પર લગભગ ૧૨૦ શબ્દો માં ગુજરાતીમાં પત્ર લખો :-

(i) તમે બહારગામ છાત્રાલય (Hostel) માં રહીને અભ્યાસ કરો છો, ત્યાંનો દિવસભરનો કાર્યક્રમ જણાવતો પત્ર તમારા દાદીને લખો.

(ii) દેના બેન્કમાં તમારું બચતખાતું આવેલું છે. તમારા ખાતાની પાસબુક ખોવાઈ ગઈ હોવાથી બીજી બનાવી આપવા વિનંતી કરતો પત્ર બેન્ક મેનેજરને લખો.

## Question 3

Read the passage given below and answer in **Gujarati** the questions that follow, using your own words as far as possible:

નીચેનો પરિચ્છેદ વાંચી તેની નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર ગુજરાતીમાં તમારા શબ્દોમાં લખો :-

શીખોના ગુરુ ગોવિંદસિંહ એક પવિત્ર પુરુષ હતા. સદાચાર અને નીતિ એમના સમગ્ર જીવનમાં વણાઈ ગયા હતા. સદાચાર એ જ સાચા અને પવિત્ર જીવનનો પાયો છે એવું એ માનતા હતા. તે માન્યતા પોતાના જીવનમાં એમણે ચરિતાર્થ કરી બતાવી હતી.

એક દિવસ તેઓ પોતાના શિષ્યો, ભક્તો અને અનુયાયીઓ સમક્ષ ધાર્મિક પ્રવચન કરી રહ્યા હતા. બધા શ્રોતાઓ એમના પ્રવચનમાં એકલીન થયા હતા. યથા સમયે પ્રવચન પૂરું થયું. પ્રવચન લાંબો સમય ચાલ્યું હોવાથી ગુરુ ગોવિંદસિંહને તરસ લાગી હતી.

એમણે શ્રોતા તરફ નજર કરીને કહ્યું : 'મને તરસ લાગી છે. જેનો હાથ શુદ્ધ અને પવિત્ર હોય તે મારા માટે પાણીનો એક પ્યાલો ભરી લાવે.'

એક યુવાન ઊભો થયો. થોડી વારમાં ગુરુ ગોવિંદસિંહ માટે પાણી ભરેલો પ્યાલો લઈ આવ્યો. તેના હાથમાંથી ગુરુ ગોવિંદસિંહે પાણીનો પ્યાલો લેવા જેવો પોતાનો હાથ લંબાવ્યો કે તેમની નજર આ યુવાનની કોમલ હથેળી પર પડી. નજર પડી એ જ પળે ગુરુ ગોવિંદસિંહ પાણીનો પ્યાલો લેતા અટકી ગયા અને એમણે તે યુવકને કહ્યું : 'અરે, ભાઈ તારી હથેળી તો ખૂબ મુલાયમ છે ! '

યુવાને મગરૂબીથી કહ્યું : 'હથેળી મુલાયમ કેમ ન હોય ? હું ધનિક માબાપનો નબીરો છું. મારું બધું કામ કાજ નોકરો જ કરે છે. મારે પોતાને તો કશું જ કામ કરવું પડતું નથી ! પછી હથેળી કોમળ અને મુલાયમ ન રહે તો કેવી રહે ? '

ગુરુએ કહ્યુઃ'તો તો તારો હાથ પવિત્ર કહેવાય નહિ ! '

'કેમ ? '

ગુરુએ કહ્યુઃ' કેમ કે, જે હાથે કોઈ સારું કામ કર્યું ન હોય એ હાથ પવિત્ર નહિ, અપવિત્ર જ ગણાય ! સેવા અને શ્રમથી જે હથેળી આંટણવાળી બને એ જ હથેળી પવિત્ર ગણાય. આ રીતે તારો હાથ પવિત્ર નહિ, પણ અપવિત્ર જ ગણાય. દિલગીરી દર્શાવું છું કે, તારા અપવિત્ર હાથનું પાણી હું પી શકું નહિ ! '

અને ... ગુરુ ગોવિંદસિંહે હાથમાં લીધેલો પાણીનો પ્યાલો ઢોળી નાખ્યો.

(i) શીખોના ગુરુનું નામ જણાવી તેમણે કેવી વ્યક્તિને પાણી ભરી આવવાનું કહ્યું ? એ જણાવો. [2]

(ii) યુવાનની હથેળી કેવી હતી ? તે માટે યુવાને કયું કારણ આપ્યું ? [2]

(iii) ગુરુએ યુવાનના હાથનું પાણી ન પીવા માટે કયું કારણ આપ્યું ? [2]

(iv) ગુરુના જીવનમાં કયા ગુણો વણાઈ ગયા હતા ? તે વિશે તેમની કઈ માન્યતા હતી ? [2]

(v) આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો. તમારા હાથને પવિત્ર બનાવવા તમે કેવા કાર્યો કરશો તેના બે ઉદાહરણ આપો. [2]

## Question 4

Answer the following according to the instructions given: [8]

નીચેના પ્રશ્નોના ઉત્તર સૂચના પ્રમાણે લખો :-

નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો.

(i) 'કાગડા ઊડવા' રૂઢિપ્રયોગ માટે કયું વાકય યોગ્ય છે ?

(a) સિનેમામાં કાગડા ઊડયાં.

(b) સિનેમામાં કાગડા મળ્યા.

(c) સિનેમામાં મેં કાગડા જોયા.

(d) સિનેમા સારું નહોતું તેથી થિયેટરમાં કાગડા ઊડતાં હતાં.

(ii) 'ઓજસ માટે દ્વિ-અર્થ-

(a) સંખ્યા, ભાવ

(b) બળ, સમજ

(c) પ્રકાશ, તેજ

(d) તેજ, હેતુ

(iii) યોગ્ય શબ્દ સમૂહ પસંદ કરો.

શિયાળુ પાક - શબ્દ સમૂહ માટે એક શબ્દ-

(a) ખુશકી

(b) ખરીફ પાક

(c) તરી

(d) રવી પાક

(iv) નીચે આપેલી ખાલી જગ્યામાં લીટી દોરેલા શબ્દનો વિરોધી શબ્દ શોધો.

સાચા માર્ગે ચાલવાથી <u>પ્રગતિ</u> થાય છે, પરંતુ ખોટા માર્ગે જવાથી તેની __________ નિશ્ચિત છે.

(a) અધોગતિ

(b) અપ્રગતિ

(c) અગતિ

(d) બઢતી

(v) નીચે લીટી દોરેલા શબ્દનું જાતિ (લિંગ) બદલતા બનતું વાકય શોધો.

રાજનના <u>સાળાને</u> ધંધામાં નુકસાન થયું.

(a) રાજનના સાળાવેલીને ધંધામાં નુકસાન થઈ.

(b) રાજનના સાળાવેલીને ધંધામાં નુકસાન થયો.

(c) રાજનની સાળાવેલીને ધંધામાં નુકસાન થયું.

(d) રાજનના સાઢુભાઈને ધંધામાં નુકસાન થયું.

(vi) સાચી જોડણીવાળું વાકય શોધી ફરીથી લખો.

(a) બળબળતા તાપમાં નાળિયેર પાણી શરીરને ઠંડક આપે છે.

(b) બડબડતા તાપમાં નાળિયેર પાણી શરીરને ઠંડક આપે છે.

(c) બડબડતા ટાપુમાં નાડીયેર પાણિ શરીરને ટાઢક આપે છે.

(d) બળબળતા તાપમાં નાળિયેર પાની શરીરને ટાઢક આપે છે.

(vii) નીચેના વાકયનું ભવિષ્યકાળ દર્શાવતું વાકય શોધો.

રમેશ રાજકારણમાં ભાગ લેવાનો હતો.

(a) રમેશ રાજકારણમાં ભાગ લેતો હતો.

(b) રમેશ રાજકારણમાં ભાગ લેશે ?

(c) રમેશ રાજકારણમાં ભાગ લેશે.

(d) રમેશ રાજકારણમાં ભાગ લેવો જોઈએ ?

(viii) ભાવવાચક નામનો ગુચ્છ ઓળખો:-

(a) બાળપણ, સુખ, દુઃખ, ખારાશ

(b) બાળપણ, ભય, ગુચ્છો, ખારાશ

(c) બાળપણ, રમેશ, ભય, સુખ

(d) બાળપણ, ફૂલ, સુખ, દુઃખ

## SECTION B

*(Attempt **four** questions from this **Section**.)*

*(You must answer at least **one** question from each of the **two** books you have studied and **any two** other questions.)*

## સાહિત્ય ગુર્જરી (કવિતાઓ)

## SAHITYA GURJARI (POEMS)

### Question 5

Read the extract given below and answer in **Gujarati** the questions that follow:

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો :-

'વૈષ્ણવજન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે,
પર દુઃખે ઉપકાર કરે તોયે મન અભિમાન ન આણે રે.'

*"વૈષ્ણવજન" - નરસિંહ મહેતા*

*"Vaishnavajan"- Narsinh Mehta*

(i) કાવ્યના કવિનો યુગ જણાવી, કાવ્ય પ્રકાર લખો. [2]

(ii) વૈષ્ણવજનની જનનીને કેમ ધન્ય છે ? [2]

(iii) વૈષ્ણવજનના લક્ષણો વર્ણવો. [3]

(iv) વૈષ્ણવજનના કયા લક્ષણો તમે જીવનમાં ઉતારશો ? કેમ ? [3]

**Question 6**

Read the extract given below and answer in **Gujarati** the questions that follow:

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો :-

'આવ્યો આવ્યો બળબળ થતો દેખ જોગી ઉનાળો;

વા વૈશાખી પ્રબળ વહતા, ઊડતી અગ્નિઝાળો.'

*"છ ઋતુઓ' - ઉમાશંકર જોશી*

*"Chha Rutuo"- Umashankar Joshi*

(i) કાવ્યમાં કઈ કઈ ઋતુઓની વાત કરી છે ? [2]

(ii) ઉનાળાની ઋતુ માટે બીજા કયા શબ્દનો ઉપયોગ કર્યો છે ? તે ઋતુનું વર્ણન કરો. [2]

(iii) ઋતુઓની રાણી કોણ ? તે સમયની પ્રકૃતિની શોભા વર્ણવો. [3]

(iv) કઈ ઋતુમાં વન અને જન મહોરી ઊઠે છે ? વર્ણવો. [3]

**Question 7**

Read the extract given below and answer in **Gujarati** the questions that follow:

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો :-

'ચોથા પરણામ મારા ભેરુઓને કહેજો રે

જેની સાથે જગમાં ખેલ્યા ખેલજી;'

*"પરણામ મારા"- રામનારાયણ પાઠક*

*"Parnam Mara"- Ramnarayan Pathak*

(i) કવિનું વિવિધ ઉપનામોથી સાહિત્યના વિવિધ સ્વરૂપમાં આપેલું યોગદાન જણાવો. [2]

(ii) કવિ ભેરુને કેમ પ્રણામ કરે છે ? [2]

(iii) કવિ છેલ્લા પ્રણામ કોને કરે છે ? કેમ ? [3]

(iv) પ્રણામનો અર્થ શું ? તમે તમારા જીવનમાં કોને કોને પ્રણામ કરશો ? સકારણ જણાવો. [3]

## સાહિત્ય ગુર્જરી (ટૂંકીવાર્તાઓ)

## SAHITYA GURJARI (SHORT STORIES)

**Question 8**

Read the extract given below and answer in **Gujarati** the questions that follow:
નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો :-

અને " હું નહિ આવું" કહી જાણે દોડી જતા ન હોય એમ દેવશંકર માસ્તર ચાલતા થયા.

જયારે શંકરલાલ બૂમ મારી રહ્યાઃ " પણ, તો તમારા આ પૈસા તો લેતા જાઓ ! "

"લાડુનું જમણ" - પન્નાલાલ પટેલ

*"Ladu nu Jaman"- Pannalal Patel*

(i) વાર્તાના લેખકને તેમની કઈ નવલકથા માટે, કયો પ્રતિષ્ઠિત પુરસ્કાર પ્રાપ્ત થયો હતો ? [2]

(ii) કયાં અને કઈ જાહેરાત વાંચી દેવશંકર માસ્તર થંભી ગયા ? [2]

(iii) દેવશંકર માસ્તરને અમદાવાદની શાળામાં જવાની જરૂર કેમ પડી ? [3]

(iv) "હું નહિ આવું"- એવું કોણે અને કેમ કહેવું પડયું ? [3]

**Question 9**

Read the extract given below and answer in **Gujarati** the questions that follow:
નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો :-

ઘરમાં બધે દોડધામ થઈ રહી. ચારે તરફ તપાસ ચાલી રહી. વૃધ્ધ માજી પણ માંદાં-માંદાં એ તપાસમાં જોડાયાં.

"પણ ઈ જાય કયાં ?" ઘરમાંથી કોઈએ કહ્યું.

"માજીનો પ્યાલો" - ગુલાબદાસ બ્રોકર

*"Maji no Pyalo"- Gulabdas Broker*

(i) માજી કઈ બારી હંમેશા બંધ રાખતાં ? શા માટે ? [2]

(ii) માજીએ મહેતાજીને કઈ યોજના સમજાવી ? [2]

(iii) નોકરે પ્યાલો ચોર્યો હશે એ જાણીને માજી અને વહુ નોકર વિશે શું કહે છે ? [3]

(iv) 'માજીનો પ્યાલો'- વાર્તાના આધારે માજીનો પાત્ર પરિચય આપો. [3]

## Question 10

Read the extract given below and answer in **Gujarati** the questions that follow:

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો :-

> આજે આઠ-દસ દિવસ પછી પહેલ વહેલો ચા કરવા બેઠો. ત્યાં ઓરડી આખી ધુમાડાથી ભરાઈ ગઈ ને ઘર પણ સાંભર્યું. બંનેનાં ભેગાં આંસુ વહી રહ્યાં.

*"પરિવર્તન" - ગૌરીશંકર જોશી*

*"Parivartan"- Gaurishankar Joshi*

(i) કિશોરીલાલ શહેરમાં કઈ રીતે સ્થાયી થયો ? [2]

(ii) કિશોરીલાલનો સ્વભાવ કેવો હતો ? [2]

(iii) "આપણી જ વાત જાણે... " આ વાકય કોણ બોલે છે ? કોને અને કયા સંદર્ભે કહે છે ? [3]

(iv) કિશોરીલાલનો ઘર છોડવાનો નિર્ણય યોગ્ય હતો ? તમારા વિચાર દર્શાવો. [3]

### વાંસનો અંકુર- ધીરુબહેન પટેલ

### VAANSANO ANKUR- DHIRUBAHEN PATEL

## Question 11

Read the extract given below and answer in **Gujarati** the questions that follow:

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો :-

> રમણીકલાલનો અવાજ સંભળાતો હતો. સવારના પહોરમાં કોકને વઢતા હતા. ઘણે ભાગે તો કોઈ નોકર જ હશે. નોકરો આ ઘર છોડીને જતા નહીં.

(i) રમણીકલાલ નોકરો સાથે કેવું વર્તન કરતા ? [2]

(ii) કેશવના કયા પ્રશ્નથી વિમળામાસી વિહ્વળ બની ગયા ? [2]

(iii) ત્યાર બાદ કેશવ અને વિમળામાસી વચ્ચે શી વાતચીત થઈ ? [3]

(iv) વિમળામાસી અને તેમના ઓરડાનું વર્ણન કરો. [3]

**Question 12**

Read the extract given below and answer in **Gujarati** the questions that follow:

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો :-

> ખરી બહાદુર હતી સુશીલા ! અનસૂયાની સાથો સાથ કામ કરતી. આવડત નહીં એટલે ઢોળતી, ફોડતી, બગાડતી, પણ અનસૂયા ખિજાય ત્યારે 'હવે નહીં કરું હોં ! ' કહી એવું ખડખડાટ હસી પડતી !

(i) સુશીલાના ન રહેવાથી મોતીલાલને તે કઈ રીતે સાંભરી આવતી ? [2]

(ii) મોતીલાલને કેશવ કોના વંશનો લાગે છે ? શા માટે ? [2]

(iii) મોતીલાલે કયા ઈરાદે કેશવને રમણીકલાલને સોંપી દીધો હતો ? [3]

(iv) કેશવ મોતીલાલના ઘરે જઈ શું નિરીક્ષણ કરે છે ? [3]

**Question 13**

Read the extract given below and answer in **Gujarati** the questions that follow:

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો :-

> બૅંકના ભોંયરામાં બાપ દીકરો સામસામા ઊભા હતા. નાનકડું ખાનું ખુલ્લું હતું. એમાં નીકળેલો દાબડો મોતીલાલના હાથમાં હતો. જોર કરીને એ એનું ઢાંકણું ખોલતો હતો.

(i) દાબડામાં શું શું હતું ? [2]

(ii) દાબડાની વસ્તુ બતાવતા મોતીલાલે કેશવને શું કહ્યું ? [2]

(iii) ત્રાસ પામીને કેશવ મોતીલાલ સામે જોતા શું વિચારે છે ? [3]

(iv) મોતીલાલ કેશવ પાસેથી નોટોનો થોકડો કેમ સ્વીકારતા નથી ? [3]

## એકાંકી ગુર્જરી

## EKANKI GURJARI

**Question 14**

Read the extract given below and answer in **Gujarati** the questions that follow:

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો :-

કુંતી : બેટા, તું જે અપમાન કરે, અવમાનના કરે તે બધાને માટે હું લાયક છું જ. પણ સ્ત્રીઓ માટે લજ્જાનું આવરણ ભેદવું સૌએ કેટલું કઠિન કરી મૂક્યું છે !

લજ્જાનું પડ તોડવાનું કામેય દુ:સાધ્ય છે અમારા માટે.

*"કુંતી અને કર્ણ" - મનુભાઈ પંચોળી*

*"Kunti ane Karna"- Manubhai Pancholi*

(i) એકાંકીના લેખકનું ઉપનામ જણાવી પરિચય આપો. [2]

(ii) 'કર્ણ કુંતી પુત્ર છે' - આ વાત કોને ન કહેવા કુંતી કોને વિનંતી કરે છે ? [2]

(iii) ધર્મ વિશે શ્રી કૃષ્ણ કર્ણને શો બોધ આપે છે ? [3]

(iv) 'સહેજ વહેલાં આવ્યાં હોત, મા !'- કર્ણ દ્વારા બોલાયેલ વાક્ય દ્વારા તેની મનોદશા તમારા શબ્દોમાં વર્ણવો. [3]

**Question 15**

Read the extract given below and answer in **Gujarati** the questions that follow:

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો :-

જીન : હુકમ, માલિક...

અધિકાર: આ બગાસું આવે છે એ નથી જોતો ? (જીન શૂન્યવત્) તારામાં કોદર જેટલીય સૂઝ નથી ! લાવ... ચા... કડક, કમ સક્કર, લિપ્ટન...

*"હુકમ, માલિક" - ચિનુ મોદી*

*"Hukum Malik"- Chinu Modi*

(i) 'હુકમ, માલિક' - આ કોણ બોલતું ? ક્યારે ? [2]

(ii) 'આ ચાર દીવાલો વચ્ચે સફેદ જીને મારા માટે સ્વર્ગ ખડું કર્યું છે'- આ વાક્ય કોણ અને ક્યારે બોલે છે ? [2]

(iii) અધિકારી પોતાની સાથે વાત કરવા કોને ક્યારે બોલાવે છે ? આવનારનું શું થયું ? કેવી રીતે ? [3]

(iv) "માનવ સામાજિક અને સંવેદનશીલ જીવ છે." આ વિધાન 'હુકમ માલિક' એકાંકીના આધારે સમજાવો. [3]

**Question 16**

Read the extract given below and answer in **Gujarati** the questions that follow:

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો :-

> આપણે આજથી કામ શરૂ કરી દઈએ છીએ ! (મજૂરને) જુઓ, અહીંથી આ પ્રમાણે વીસ ફૂટ લંબાઈનું ખોદકામ કરવાનું છે; ત્યાંથી આ પ્રમાણે બાર ફૂટનું અને (ઈન્દિરાને) બહેન ! આ ઝાડ વચ્ચે આવે છે.
>
> ઈન્દિરા : કાપી નાખો.
>
> "વૃક્ષ" - લાભશંકર ઠાકર
>
> *"Vruksh"- Labhshankar Thakar*

(i) ચકુ પિતાને શેનો આગ્રહ કરે છે ? પિતા તેને શો જવાબ આપે છે ? [2]

(ii) દાદા પિતા-પુત્રીને ઘરમાં બોલાવવા કેવા પ્રયત્નો કરે છે ? [2]

(iii) 'કાપી નાખો' - ઈન્દિરા દ્વારા બોલાયેલ વાકય દ્વારા ઈન્દિરાનો પરિચય આપો. [3]

(iv) "માણસ સુખ સગવડ ભોગવવાની લાલસામાં કેવો સ્વાર્થી અને લાગણીહીન થઈ જાય છે"- વાકયને એકાંકીના આધારે તમારા શબ્દોમાં વર્ણવો. [3]